# <u> પેચ પતંગના</u>

અવકાશે
ઊડી રહ્યા રંગીન પતંગો
ગેલ  કરતા
નમી પડતા
ઉડાડનારનું  મન  હરતા
ધાબેથી કોઈ ઢળી પડતા
પતંગ કપાતાં
થઈ જતી દોડાદોડી.

પતંગ મારો
નીકળ્યો સારો
જોનારની આંખમાં ખૂંચે
ઊડી રહ્યો એટલો  ઊંચે.

એકાએક;
ગુમાન મારું
આવ્યું શું આડુ
મંડ્યો  લોટવા  એ
ના'વ્યો  કાબૂમાં જે
પડ્યો જઈ પડોશીની પતંગ પર!

ગૂલાંટ મારી
પેચ લગાવી
ઊડી રહ્યો ગર્વથી  જ્યારે
મર્મ એનો સમજાયો ત્યારે!

ઢીલ  મૂકતાં   દોરીની
કપાઈ પતંગ ગોરીની!
ત્યારથી;
લડાઈ ગયા છે પેચ દિલના!!

૦ ચીમન પટેલ 'ચમન'
૧/૧૪/'૬૩